"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

| President : | Exec. President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MUKESHBHAI C. DAVE | SHRI HASMUKHBHAI N. BHAGDEV |
| (Gandhinagar) | (Ahmedabad) | (Rajkot) |
| (O) 079-23250205 (O) 079-23250206-09 | (O) 02718-261516 | (O) 0281-2460837 (O) 0281-2482185 |
| (F) 079-23250285 (M) 99250 25148 | (M) 98240 39477 | (F) 0281-2482186 (M) 93773 56801 |


રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૯-૨૦૨૦/૧૯ તા.૦૮-૦૫-૨૦૧૯

**ખાસ જરૂરી**

**પ્રતિશ્રી,**
**માન.શ્રીમતી સોનલબેન મિશ્રા**
**વાહનવ્યવહાર કમિશ્નરશ્રી (ઈન્ચાર્જ),**
**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

**વિષય : ટ્રાન્સપોર્ટરોને સ્પર્શતા પડતર મુદ્દાઓ અંગેની રજુઆત**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે તા.૨૫-૦૪-૨૦૧૯ને ગુરૂવારના રોજ બપોરે ૪.૦૦ વાગે જીએસઆરટીસી બીલ્ડીંગ, અમદાવાદ મુકામે રાખવામાં આવેલ મીટીંગમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને લગતા પ્રશ્નો સાંભળી અને તેના નિરાકરણ માટે માર્ગદર્શન પુરૂ પાડેલ. તદઉપરાંત જીલ્લા-તાલુકા કક્ષાના **આર.ટી.ઓ.-ચેક પોસ્ટ** અંગેના કોઈપણ પ્રશ્ન-સમસ્યા-સુચનો હોયતો તે લેખીતમાં મોકલી આપવા જણાવેલ.

આ સાથે સમયાંતરે સરકારમાં રજુ કરેલા આર.ટી.ઓ.ને લગતા નીચે મુજબના મુદ્દાઓ આપને ધ્યાને લાવીએ છીએ.

**૧. ચેક પોસ્ટ અંગે :-**

એ. ચેકપોસ્ટ અધિકારી દ્વારા સ્વખર્ચે ખાનગી સ્થાનિક વ્યકિતનો ઉપયોગ કરી માલવાહક વાહનોનું ચેકીંગ કરવામાં આવે છે. જેઓ કાયદાનું ખોટી રીતે અર્થઘટન કરી અવ્યવહારીક માંગણીઓ કરે છે, તેમજ તેની વસુલી પણ કરે છે.આ પ્રથા તુરત જ અટકાવવી જોઈએ.

બી. માલ વાહક વાહનની ચેકીંગ દરમ્યાન કોઈ ત્રુટી જણાય તો વાહન ચાલક પોતાના માલીક સાથે વાત કરવાનું જણાવે તો અધિકારીશ્રી પોતાની ઓળખ છુપાવે છે, તેમજ વાત કરવાનું પણ ટાળે છે. આ બાબતે વાહન માલીકને વિશ્વાસમાં લઈ તેને વાહનની ત્રુટી અંગે સમજણ આપવા અધિકારીશ્રીને સુચના આપવી જોઈએ.

સી. ચેકપોસ્ટ ઉપર સ્ટાફની અછતનું કારણ આપી ફકત એક કે બે લાઈન પર જ ચેકીંગ કરવામાં આવે છે. જે તે ચેકપોસ્ટના ટ્રાફીકને ધ્યાને લઈ ચેકીંગ અંગેની લાઈન વધારવી જોઈએ. જેથી વાહન વધુ સમય ચેકપોસ્ટ પર ખોટી ન થાય.

ડી. ચેકપોસ્ટ પર વાહનના ઓવર ડાયમેન્શન અંગે માપણી પધ્ધતીની કોઈ વ્યવસ્થા નથી. આથી જે વાહનને તપાસણી મેમો આપવામાં આવે છે તેમાં કેટલી લંબાઈXપહોળાઈXઉંચાઈ નો ભંગ થાય છે તેનો કોઈ

"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President : SHRI VASANBHAI G. AHIR (Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President : SHRI MUKESHBHAI C. DAVE (Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary : SHRI HASMUKHBHAI N. BHAGDEV (Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



ઉલ્લેખ કર્યા વગર Excess Projection નો મેમો બનાવી દંડ વસુલ કરવામાં આવે છે. આ પ્રથા નાબુદ થવી જોઈએ અને વાહનમાં પરમીસેબલ લંબાઈXપહોળાઈXઉંચાઈમાં કેટલો વધારાનો લોડ છે, તે સ્પસ્ટપણે મેમોમાં દર્શાવવું જોઈએ. ત્યારબાદ જ દંડ વસુલ કરવો જોઈએ. હાલમાં ઓવરલોડ અંગે આ પધ્ધતિ અનુસરવામાં આવે છે.

**૨. <u>રોડ ચેકીંગ અંગે :-</u>**

એ. વાહનના રોડ ચેકીંગ દરમ્યાન અધિકારીશ્રી અંગત વાહનમાં તેમજ ખાનગી ડ્રેસ પહેરીને ફરજ બજાવે છે, જેથી ઘણી વખત ઘર્ષણ થવાની સમસ્યા થાય છે. આ બાબતે અધિકારીશ્રીને યોગ્ય ગણવેશ તેમજ ફરજ માટે ફાળવવામાં આવેલ વાહનોનો ઉપયોગ કરવા સુચના આપવી જોઈએ. જેથી વાહન ચાલકને તેમની ઓળખાણનો વિશ્વાસ થઈ શકે.

બી. રોડ ચેકીંગ દરમ્યાન જો વાહનમાં ત્રુટી જણાય તેવા વાહનના દસ્તાવેજો તથા વાહનમાં વહન થતા માલના દસ્તાવેજો જેવા કે એલ.આર./ઈન્વોઈસ/ઈ વેબીલ વગેરે જપ્ત કરી અધિકારીશ્રી પોતાની ઓળખ કે સંપર્ક નંબર આપ્યા વગર સ્થળ છોડી દે છે. જે યોગ્ય નથી. આ બાબતે માલવહન થતા માલના દસ્તાવેજો કોઈપણ સંજોગોમાં અધિકારીશ્રીએ જપ્ત કરવા નહી, કારણ કે તેના કારણે વાહન માલીકની ઘણી મોટી જવાબદારી ઉભી થાય છે. ઉપરાંત વાહન ચાલકને પોતાના સંપર્ક નંબર પણ આપવો જેથી વાહન માલીક તેઓશ્રીનો સંપર્ક કરી નિકાલ કરી શકે.

સી. વાહન સાથે રહેલા તમામ દસ્તાવેજો બરોબર તપાસવા જોઈએ, અને તેમાં ઉણપ હોય તો વાહન માલિક દ્વારા વોટસઅપ પર જે તે દસ્તાવેજની ફોટો કોપી મોકલવામાં આવે તેને માન્ય રાખવી જોઈએ. જેથી કોઈ દંડકીય કાર્યવાહી કે અવ્યવહારીક માંગણી નિવારી શકાય.

**૩. <u>ફીટનેશ સર્ટીફીકેટ અંગે :-</u>**

એ. રાજયમાં નોંધાયેલ તમામ વાહનોના ડેટા VAHAN-4 માં ઉપલબ્ધ છે, છતાંય હાલમાં વાહનને ફીટનેશ સર્ટીફીકેટ મેળવવા હોમ આર.ટી.ઓ.માં જવા માટે ફરજ પડાય છે. આજના ડીજીટાઈજેશનના યુગમાં કોઈપણ વાહન નજીકના આર.ટી.ઓ.માં જઈ યોગ્ય નીતિ નીયમોનું પાલન કરી ફીટનેશ સર્ટીફીકેટ મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે વિનંતી. જેથી વાહન માલિકનો સમય તથા બીન જરૂરી આર્થિક ખર્ચ નિવારી શકાય.

બી. હજી પણ ઘણાં આર.ટી.ઓ. ઈન્સ્પેકટરશ્રી દ્વારા સ્પીડ ગર્વનર ડીવાઈસ તેમજ રેડીયમ પટ્ટી અને રીયર માર્કર પ્લેટના રીન્યુઅલ સર્ટીફીકેટ તેમજ બીલોનો આગ્રહ રાખી ફીટનેશ કરવાની મનાઈ કરવામાં આવે છે. આ અંગે આપના દ્વારા સરકયુલર કરવા છતાં તે સરકયુલરની અવગણના કરી અવ્યવહારીક માંગણી કરાય છે અને નાના વાહન ઓપરેટરે તેમની માંગણી સંતોષવી પડે છે. જે માટે ગ્રાઉન્ડ લેવલના અધિકારીશ્રીઓ યોગ્ય સુચના આપવા વિનંતી.

"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

| President : | Exec. President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MUKESHBHAI C. DAVE | SHRI HASMUKHBHAI N. BHAGDEV |
| (Gandhinagar) | (Ahmedabad) | (Rajkot) |
| (O) 079-23250205 (O) 079-23250206-09 | (O) 02718-261516 | (O) 0281-2460837 (O) 0281-2482185 |
| (F) 079-23250285 (M) 99250 25148 | (M) 98240 39477 | (F) 0281-2482186 (M) 93773 56801 |




**૪. <u>રાજયના તથા રાજય બહાર થતા ડીએ કેસો અંગે :-</u>**

જે વાહન જે આર.ટી.ઓ.માં રજીસ્ટર્ડ થયેલ હોય તેમાં આવા ડીએ કેસની નોંધ લઈ વાહનને ફીટનેશ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવે છે. આવા ડીએ કેસોનો નિકાલ કોઈપણ આર.ટી.ઓ. કચેરીમાં થઈ શકે તેવી વ્યવસ્થા કરવા વિનંતી, સાથે સાથે નિકાલના દંડની રકમ ઓનલાઈન ભરી શકાય તેવી વ્યવસ્થા થવી જોઈએ જેથી સમય અને આર્થિક નુકશાન નિવારી શકાય.

**૫. <u>કાર કેરીયર્સ અંગે :-</u>**

કાર કેરીંગ કરતા વાહનોના ડાયમેન્શન અંગે કોઈ નોટીફીકેશન ન હોવાને કારણે તમામ વાહનો પાસે માંડવાળ ફી રૂ.૨૦૦૦/- દરેક ટ્રીપ માટે આર.ટી.ઓ.દ્વારા વસુલવામાં આવે છે તો CMVR મુજબ લંબાઈXપહોળાઈXઉંચાઈ અંગેનું નોટીફીકેશન જાહેર કરવા વિનંતી. જેથી ઉપરોકત ખોટા દંડની રકમમાંથી કાર કેરીયર બચી શકે.

**૬. <u>જુના ડીએ કેસ અંગે :-</u>**

રાજયમાં તેમજ અન્ય રાજયમાં કરવામાં આવતા ડીએ કેસના નિકાલ અર્થે કોઈ સમય મર્યાદા નક્કી કરવી જોઈએ અને બહુ જુના કેસો અંગે ટોકન માંડવાળ દંડનો નિયમ વિચારવો જોઈએ. જેથી કરીને ઘણાં વાહનોની માલીકીમાં માલીકની ફેરબદલી થઈ ગયા બાદ ગુનો કરનાર વ્યકિતને બદલે વર્તમાન માલીક ઉપર જાણ બહાર તેમજ એન.ઓ.સી. સર્ટીફીકેટ મેળવ્યા છતાં ભારણ આવે છે. આ બાબતે રાજયમાં રજીસ્ટર્ડ થયેલા વાહનોના જુના બાકી રોડ ટેક્ષ તેમજ ડીએ કેસ બાબતની એમસ્ટી સ્કીમ વિચારવી જોઈએ.

**૭. <u>પેસેન્જર બસમાં વહન થતા માલ અંગે :-</u>**

ગુજરાત રાજયના અલગ અલગ શહેરોમાંથી પેસેન્જર બસમાં વહેપારીના માલનું ગેરકાયદેસર વહન કરવામાં આવે છે. આ ઉપરાંત બીનપ્રમાણીક વહેપારી પોતાના બીલ વગરના માલનું વહન પેસેન્જર બસો દ્વારા કરાવી સરકારના જીએસટીનું પણ મોટાપાયે નુકશાન કરે છે. તમામ આર.ટી.ઓ.-ચેકપોસ્ટ તથા રોડ ચેકીંગમાં પણ આવા પેસેન્જર વાહનોને રોકયા વગર પસાર થવા દેવાય છે. આ બાબતે જરૂરી સુચના જાહેર કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવી જોઈએ.

ઉપરોકત બાબતોની વધુ ચર્ચા અંગે આપશ્રીને અનુકુળ સમય આપવા વિનંતી.

આભાર સહ,

આપના વિશ્વાસુ

| | |
|---|---|
| **મુકેશભાઈ સી. દવે** | **હસુભાઈ એન. ભગદેવ** |
| (કાર્યકારી પ્રમુખ) | (માનદમંત્રી) |